દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ

તારીખ :- ૦૯ | ૧૦ | ૨૦૨૫

### 10 ઓક્ટોબરે 'મેટ્રો હેક્સ' હેકાથોન, 150 ડેવલપર્સ ભાગ લેશે

# મેટ્રોમાં 'હેકાથોન' માટે રૂ.1 લાખ ભાડું ચૂકવી શહેરની સમસ્યાના ઉકેલ શોધાશે

## પહેલી વખત આયોજન, ટ્રાન્સપોર્ટ સહિતના મુદ્દા પર ચર્ચા કરાશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાતમાં પ્રથમવાર ચાલતી મેટ્રો ટ્રેનમાં લાઈવ ટેક-ઈવેન્ટ યોજાશે. 10 ઓક્ટોબરે ડેવફેસ્ટ ગાંધીનગર અંતર્ગત 'મેટ્રો હેક્સ' હેકાથોનમાં 150થી વધુ ડેવલપર્સ મહાત્મા મંદિરથી એપીએમસી વચ્ચે મુસાફરી દરમિયાન કોડિંગ કરીને પ્રોટોટાઈપ તૈયાર કરશે.

ટ્રેન અને અંડરગ્રાઉન્ડ ટનલમાં નેટવર્ક અનિયમિત હોવાથી ઓન-ડિવાઈસ ટૂલ્સ અને સેમ્પલ ડેટાનો ઉપયોગ થશે. હેકાથોનમાં મેટ્રો અને સિટી ટ્રાન્સપોર્ટની 13 વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ શોધાશે. તેમાં ખાલી બેઠકોનો ઉપયોગ, લિફ્ટ-એસ્કેલેટરનું પ્રિડિક્ટિવ મેન્ટેનન્સ, ઓફલાઈન આસિસ્ટન્ટ, ભીડનું સંચાલન, ફરિયાદોનું વર્ગીકરણ, મેટ્રો-બીઆરટીએસ-એએમટીએસનું સંકલન, ટ્રાફિક નિયંત્રણ જેવા આયોજનનો સમાવેશ થાય છે.

### ઇન્ટરનેટ વગર જ કામ થશે

ટ્રેનમાં અને ખાસ કરીને ટનલ સેક્શનમાં ઇન્ટરનેટ ઉપલબ્ધ ન હોવાથી સ્પર્ધકો માટે સૌથી મોટો પડકાર ઓફલાઈન સિસ્ટમ ઊભી કરવાનો રહેશે. મેટ્રોએ આ વિશેષ આયોજન માટે રૂ. 1 લાખના ભાડા સાથે રાત્રિના સમયે આખી સ્પેશિયલ ટ્રેન ફાળવી છે, જેથી મુસાફરોની અવરજવર વિના માત્ર સ્પર્ધકો જ કામ કરી શકે. » વિરલ પરમાર, આયોજક